ઠરાવ ક્રમાંકઃપીડીડબલ્યુ-૩૦૭૪/ડી-૨૫૫૯/ભાગ-૧(૧૦૬)સ,

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૭/૪/૨૦૦૨.

વિષયઃ- તાંત્રીક અધિકારીશ્રીઓને સત્તા સોંપણી બાબત.

સંદર્ભ :- સરખા ક્રમાંકનો ઠરાવઃ તા.૦૨-૦૧-૮૭
સરખા ક્રમાંકનો ઠરાવ : તા.૨૦-૧૧-૮૭
સરખા ક્રમાંકનો ઠરાવઃપીડીડબલ્યુ-૧૦૮૯(૨)/સ,તા.૧૭-૫-૮૯
સરખા ક્રમાંકનો ઠરાવઃપીડીડબલ્યુ-૧૦૮૯(૩)/સ,તા.૨-૮-૮૯
સરખા ક્રમાંકનો ઠરાવઃ તા.૦૮-૧૨-૯૪
સરખા ક્રમાંકનો ઠરાવઃ તા.૦૯-૦૩-૯૫.

## પ્રસ્તાવના :-

ગુજરાત રાજ્યમાં ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ હેઠળ મા.મ. વિભાગ તરફથી તાંત્રીક અધિકારીશ્રીઓને સોંપવામાં આવેલ સત્તાઓ ઉપર દર્શાવેલ જુદા જુદા ઠરાવો દ્વારા નકકી કરવામાં આવેલ છે. આ સત્તા સોંપણી બાદ બજારમાં માલસામાન, મજુરી અને પરિવહનના ભાવોમાં સારો એવો વધારો થયેલ છે, જેને અનુલક્ષીને વિવિધ કક્ષાના તાંત્રિક અધિકારીઓની સપ્રમાણ કામગીરી રહે તે હેતુસર અને યોગ્ય પ્રમાણમાં તાંત્રીક/નાણાકીય સત્તાઓ તેઓને મળે તે બાબત લક્ષમાં લઈ પ્રવર્તમાન સત્તાઓમાં સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણામાં હતી.

## ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે માર્ગ અને મકાન વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક પીડીડબલ્યુ-૧૦૮૯-૨/સ, તા.૧૭-૫-૮૯ના સાથે બીડેલ પત્રક પૈકીના ક્ર.૭.૧,૭.૨, ૭.૪,૭.૫,૮.૧,૮.૨,૮.૩,૮.૪,૧૨,૧૨.૨,૨૯,૪૪.૧,૪૪.૧.૨ માં આ સાથે બીડેલ પત્રક મુજબની વીગતવાર સત્તાસુધારો કરી જે તે તાંત્રીક અધીકારીના હોદ્દા સામે દર્શાવેલ સુધારવાનું આથી ઠરાવવામાં આવે છે.આ ફેરફાર સીવાય તા.૧૭-૫-૮૯ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહે છે.

આ હુકમો તાત્કાલીક અસરથી અમલમાં આવે છે. આ ઠરાવ નાણાં વીભાગની ન.જ.સ. અને પાણી પુરવઠા વીભાગની અનુક્રમે તારીખ ૨૬-૩-૨૦૦૨ તથા તા. ૪-૪-૦૨ ની નોંધથી સરખા ક્રમાંકની ફાઈલ ઉપર મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[illegible]
ઉપસચિવ, પી. પુ. [illegible]

બિડાણ: પત્રક.

પ્રતિ,

નર્મદા અને જળસંપત્તિ અને પા. પુ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

પંચાયત ગ્રામ્ય ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ-૧) ગુજરાત, લાલદરવાજા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ) ગુજરાત, પો. બો. નં. ૨૭, કુંડલીયા કોલેજ [illegible] રોડ, રાજકોટ.

સચીવશ્રી ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

સર્વે અ. ઈ. શ્રીઓ / પા. પ. વર્તુળ / પંચાયત પા. પ. વર્તુળ / [illegible] વર્તુળ / [illegible] પા. પ. વર્તુળ / એ. વે. વર્તુળ / પા. યો. વર્તુળ / વિદ્યુત વર્તુળ સહીત.

સર્વે કા. ઈ. શ્રીઓ ઉપરોક્ત વર્તુળ હેઠળના સર્વે વીભાગો.

નિયામકશ્રી-[illegible], વડોદરા.

નિયામકશ્રી-ઉપવન બગીચા, ગાંધીનગર.

મે. ડીરેકટરશ્રી, ગુ. રાજ્ય બાંધકામ નિગમ લી. સે-૩૦, ગાંધીનગર.

મુખ્ય કારોબારી અધીકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, બ્લોક-૨૧, [illegible] [illegible], અમદાવાદ.

નાણાંકીય સલાહકારશ્રી (પા. પ. વી.) સચીવાલય, ગાંધીનગર.

સર્વે તાંત્રિક અધીકારીઓ (ના. કા. ઈ. શ્રીઓ સહીત) પા. પુ. વી., સચીવાલય, ગાંધીનગર.

સર્વે પ્રોજેક્ટ શાખાઓ પા. પુ. વીભાગ, સચીવાલય, ગાંધીનગર.

સીલેક્ટ ફાઈલ-૧૯૯૨.

માર્ગ અને મકાન વિભાગના તા. ૧૭-૮-૨૦૦૨ ના

ઠરાવ ક્રમાંક:પીડીડબ્લ્યુ-૩૦૭૪/ડી-૨૯૫૮/ભાગ-૧/૬૩૬/ડી સાથેનું બીડાણ

ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ હેઠળની સત્તાઓ.

| નંબર | ફકરો અથવા નિયમનો નંબર | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી | સોંપેલ સત્તાનો વ્યાપ | શેરો |
| --- | --- | --- | --- | --- | --- |
| ૭.૬ | ૧૨૯ | પૂર્ણ અને સુધારેલા અંદાજને તાંત્રિક મંજુરી આપવાની સત્તા | મુખ્ય ઈજનેર | સંપૂર્ણ સત્તા | |
| | | (ક) મૂળ સીવીલ કામ | અધિક્ષક ઈજનેર | રૂ. ૫૦,૦૦,૦૦૦/- | નોં |
| | | | કાર્યપાલક ઈજનેર(સીવીલ) | રૂ. ૧૨,૦૦,૦૦૦/- | ૭. |
| | | | કાર્યપાલક ઈજનેર(વિદ્યુત) | રૂ. ૨,૦૦,૦૦૦/- | ૭. |
| | | | નાયબ કાર્યપાલક ઈજનેર(સીવીલ) | રૂ. ૧,૫૦,૦૦૦/- | ૬. |
| | | | નાયબ કાર્યપાલક ઈજનેર(વિદ્યુત) | રૂ. ૩૦,૦૦૦/- | મુજ |

અધિક્ષક ઈજનેર આખી પરિયોજનાના સંલગ્ન ભાગોને રૂ. ૫૦,૦૦,૦૦૦/- સુધીની તાંત્રિક મંજુરી પણ આપી શકે, પરંતુ વિગતવાર અંદાજની રકમ પરિયોજનાની મંજુર થયેલ જોગવાઈની અંદર હોવી જોઈએ.

ડિવીઝન કાર્યપાલક ઈજનેર, સત્તા ધરાવતા અધીકારીએ વહીવટી મંજુરી આપી હોય તેવી પરીયોજનાના સંગુક્ત ભાગોને સંયુક્ત ભાગનું ખર્ચ મંજુર થયેલ પરીયોજનામાં તે માટે કરવામાં આવેલ જોગવાઈની અંદર હોય અને ગા.

| નંબર | ફકરા અથવા નિયમનો નંબર | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી | સોંપેલ સત્તાનો વ્યાપ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૭.૨ | | સામાન્ય મરામતના અંદાજોને તાંત્રિક મંજુરી આપવાની સત્તા | અ.ઈ.શ્રી<br>કા.ઈ.શ્રી<br>કા.ઈ.શ્રી (વિદ્યુત)<br>ના.કા.ઈ.શ્રી (સીવીલ)<br>ના.કા.ઈ.શ્રી (વિદ્યુત) | સંપુર્ણ સત્તા (નિયત ધોરણ મુજબ મર્યાદીત)<br>સંપુર્ણ સત્તા (નિયત ધોરણ મુજબ મર્યાદીત)<br>ડિવીઝન માટેની અંદાજપત્રીય ફાળવણી તથા નિયત ધોરણની મર્યાદામાં રૂા. ૧૦૦,૦૦૦/-(નિયતધોરણ તથા ફાળવેલ ગ્રાંટની મર્યાદામાં)<br>રૂા.૩૦,૦૦૦/-(નિયત ધોરણ તથા ફાળવેલ ગ્રાંટની મર્યાદામાં) | નોધ:<br>૭.૨.૧<br>૭.૨.૨ મુજબ |
| ૭.૪ | | યંત્રો અને ઓજારો | મુખ્ય ઈજનેર<br>અધિક્ષક ઈજનેર<br>કાર્યપાલક ઈજનેર | સંપુર્ણ સત્તા<br>ડિવીઝનદીઠ વાર્ષિક રૂા.૮૦૦,૦૦૦/-<br>વાર્ષિક રૂા.૫૦,૦૦૦/- | નોધ:<br>૭.૪.૧<br>મુજબ |
| ૭.૫ | | ટેન્ડર સ્વીકૃતીમાં અંદાજીત રકમ ઉપરનો વધારો મંજુર કરવાની સત્તા | મુખ્ય ઈજનેર | જે માટે સુધારેલ વહીવટી મંજુરીની જરૂરી ન હોયતેવા, મંજુર થયેલ અંદાજઉપરાંતના વધારા બાબતમાં માન્ય રાખી શકાય એટલી મર્યાદા સુધી.<br>અથવા.<br>મંજુર થયેલ વર્તમાન ભાવોની યાદી મુજબ ગણીને ટેન્ડરમાં દર્શાવેલા જથ્થાની કિંમતના ૧૦ટકા સુધી એ બે માંથી જે વધુ હોય ત્યાં સુધીની સત્તા | નોધ: રૂા.૧ કરોડથી ઉપરની કિંમતના ટેન્ડરની મંજુરી નાણા વીભાગની સંમતી મેળવીને આપવી. |
| ૭.૫ | | ટેન્ડર સ્વીકૃતીમાં અંદાજી રકમ ઉપરનો વધારો મંજુર કરવાની સત્તા | અધિક્ષક ઈજનેર | મંજુર થયેલ અંદાજી દર લેખે ગણીને ટેન્ડરમાં દર્શાવેલ જથ્થાની કીમત ઉપર ૧૫% અથવા વર્તમાન એસ.ઓ.આરના ભાવથી ૭.૫%ઉંચા એ બેમાંથી જે વધુ હોય તે મર્યાદામાં ટેન્ડર ઉપરનો વધારો,રૂા.૨૫,૦૦૦/ ની મર્યાદામાં આવતો હોય તો ત્યાં સુધી ટકાવારીની કોઈ મર્યાદા રહેશે નહીં. | નોધ.૭.૫.૧ થી ૭.૫.૮ મુજબ અને ૭.૫.૮.૧<br>૭.૫.૮.૨ |

| નંબર | ફકરા અથવા નિયમનો નંબર | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી | સોંપેલ સત્તાનો વ્યાપ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| | | | કાર્યપાલક ઈજનેરશ્રી | મંજુર થયેલ ચૅદાર્જી દર લેખે ગણીને ટેન્ડરમાં દર્શાવેલ જથ્થાની કીંમત ઉપર ૧૦% અથવા વર્તમાન ભાવોની યાદી મુજબ ગણીને ટેન્ડરમાં દર્શાવેલ જથ્થાની કીંમતના ૫% એ બેમાંથી જે વધુ હોય તે વધારો, રૂા.૫,૦૦૦/-ની નાણાકીય મર્યાદામાં આવતો હોય તો ત્યાં સુધી ટકાવારીની કોઈ મર્યાદા રહેશે નહીં. | |
| ૮.૧ | ૬૩૪ | રાજય મુલ્કી બાંધકામ અંગે વહીવટી બહાલી આપવાની સત્તા | | | નોંધ ૮.૧૧ અને ૮.૧૨ અને તેની પેટા નોંધ મુજબ |
| | | (૧)રહેણાંકના મકાનો | સચિવ(બાંધકામ વીભાગ) | રૂા.૧૦૦,૦૦,૦૦૦/- | |
| | | | મુખ્ય ઈજનેર | રૂા.૨૦,૦૦,૦૦૦/- | |
| | | | અધિક્ષક ઈજનેર | રૂા. ૫,૦૦,૦૦૦/- | |
| ૮.૨ | | (૨)મકાન સીવાયના અન્ય સીવીલ કામો, માર્ગ,પાણી પુરવઠા, સિંચાઈ | સચિવ(બાંધકામ વીભાગ) | રૂા.૧,૦૦,૦૦,૦૦૦/- | |
| | | | મુખ્ય ઈજનેર(સચીવાલયમાં) | રૂા.૩૦,૦૦,૦૦૦/- | |
| | | | અધિક્ષક ઈજનેર | રૂા.૧૫,૦૦,૦૦૦/- | |
| | | | કાર્યપાલક ઈજનેર | રૂા.૫,૦૦,૦૦૦/- | |
| .૩ | | (૩)બીન-રહેણાંકના મકાનો(રહેણાંકના મકાનો તથા સરકારી ગૃહો સિવાયના મુલ્કી બાંધકામ) | સચિવ(બાંધકામ વીભાગ) | રૂા.૧,૦૦,૦૦,૦૦૦/- | નોંધ: ૮.૩.૧. અને ૮.૩.૨ અને તેની પેટા નોંધ મુજબ |
| | | | મુખ્ય ઈજનેર(સચીવાલયમાં) | રૂા.૩૦,૦૦,૦૦૦/- | |
| | | | અધિક્ષક ઈજનેર | રૂા.૧૫,૦૦,૦૦૦/- | |
| | | | કાર્યપાલક ઈજનેર | રૂા.૫,૦૦,૦૦૦/- | |

Tel.16

| નંબર | ફકરા અથવા નિયમનો નંબર | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી | સોંપેલ સત્તાનો વ્યાપ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૮.૪ | | વીજળી ગોઠવણના કામ (એરકન્ડીશનીંગ લીફટ અને કુલર સીસ્ટીમના કામ માટે) | સચિવશ્રી | રૂા.૫૦,૦૦,૦૦૦/- | નોંધ:૮.૪.૧ અને તેની પે.નો.મુજબ નોંધ:વીજળી કરણનું પેટાકમ જ્યાં ન હોય ત્યાં સીવીલ ઈજનેરની સત્તા ગણવાની રહેશે. |
| | | | મુખ્ય ઈજનેર | રૂા.૧૫,૦૦,૦૦૦/- | |
| | | | અધિક્ષક ઈજનેર(સીવીલ) | રૂા.૧,૦૦,૦૦૦/- | |
| | | | અધિક્ષક ઈજનેર (વીદ્યુત) | રૂા.૫,૦૦,૦૦૦/- | |
| | | | કાર્યપાલક ઈજનેર(સીવીલ) | રૂા.૩૦,૦૦૦/- | |
| | | | કાર્યપાલક ઈજનેર(વીદ્યુત) | રૂા.૩,૦૦,૦૦૦/- | |
| ૧૨ | ૨૧૨ | ટેન્ડર સ્વીકારવાની સત્તા | મુખ્ય ઈજનેર | સંપૂર્ણ સત્તા | નોંધ. ૧૨.૧ થી ૧૨.૮ અને તેની પેટા નોંધ મુજબ. |
| | | | અધિક્ષક ઈજનેર | રૂા.૫૦,૦૦,૦૦૦/- | |
| | | | કાર્યપાલક ઈજનેર | રૂા.૧૫,૦૦,૦૦૦/- | |
| | | | નાયબ કાર્યપાલક ઈજનેર | રૂા.૧,૫૦,૦૦૦/- | |
| ૧૨.૨ | ૨૧૨ | દરયાદી સ્વીકારવાની સત્તા | નાયબ કાર્યપાલક ઈજનેર | રૂા.૧૫,૦૦૦ | |
| | | | મદદનીશ ઈજનેર તથા અધિક મદદનીશ ઈજનેર (નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા) | રૂા.૧૦,૦૦૦ | |
| ૨૯ | ૪૧૩ | કામ કરવા માટે જરૂરી પુરવઠા અને કચેરી ફર્નીચર સહીત સામાન્ય યંત્રો અને ઓજારો ના અંદાજ મંજુર કરવાની સત્તા. | મુખ્ય ઈજનેરશ્રી | રૂા.૩,૦૦,૦૦૦ | નોંધ: ૨૯.૧ તથા ૨૯.૨ |
| | | | અધિક્ષક ઈજનેરશ્રી | રૂા.૨,૦૦,૦૦૦ | |
| | | | કાર્યપાલક ઈજનેરશ્રી | રૂા.૫૦,૦૦૦ | |

| નંબર | ફકરા અથવા નિયમનો નંબર | સત્તાનો પ્રકાર | જેમને સત્તા સોંપવામાં આવી હોય તે સત્તાધિકારી | સોંપેલ સત્તાનો વ્યાપ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૪૪.૧ | ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૨ પરીશીષ્ટ-૧૪ | કામના આખરી માપો તથા માલ સામાનના પુરવઠાના માપો લખવાની સત્તા | ૧:એક વર્ષથી વધુ પરંતુ ત્રણ વર્ષથી ઓછી નોકરીવાળા મદદનીશ ઈજનેર | રૂ.૫૦,૦૦૦ | ૧: ગુજરાત જાહેર બાંધકામ મેન્યુઅલ ભાગ-૨ ના પરી.-૧૪ ની જોગવાઈ નીચે જણાવેલ સુધારા આધિન |
| | | | ૨:ત્રણ વર્ષથી વધુ નોકરીવાળા મદદનીશ ઈજનેર | રૂ.૧,૦૦,૦૦૦ | ૨:કોન્ટ્રાકટથી આપેલ કામોના માપમાં છેલ્લા ચેકીંગ પછી રૂ.૧.૦૦ લાખથી વધુ અને માલસામાન પુરા પાડવાના કામ માટે રૂ.૭૫,૦૦૦/-થી વધુ હોય ત્યારે કા.ઈ.શ્રીએ માપોની ૧૦% |
| | | | ૩:બે વર્ષથી દસ વર્ષની નોકરીવાળા અધિક મદદનીશ ઈજનેર | રૂ.૪૦,૦૦૦ | |
| | | | ૪: દસ વર્ષથી વધુ નોકરીવાળા અધિક મદદનીશ ઈજનેર | રૂ.૧,૦૦,૦૦૦ | |
| | | | ૫:પાંચથી બાર વર્ષની નોકરીવાળા ઓવરસીયર | રૂ.૫,૦૦૦ | ૩:માલ સામાન સપ્લાય કરવાના કાર્યની કિંમત ૭૫૦૦૦/-થી વધે ત્યારે બીજા ના.કા.ઈ.શ્રી દ્વારા ૧૦૦% માપોની ચકાસણી કરવાની રહે. |
| | | | ૬: બાર વર્ષથી વધુ નોકરીવાળા ઓવરશીયર | રૂ.૧૦,૦૦૦ | |
| ૪૪.૧.૨ | ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૨ પરીશીષ્ટ-૧૪ | કામના અને માલ સામાનના પુરવઠાના વચગાળાના માપો લખવાની સત્તા | ૧:એક વર્ષથી વધુ નોકરીવાળા મદદનીશ ઈજનેર | રૂ.૧,૦૦,૦૦૦/- | ૧:ઉપર(૧)થી(૩)પ્રમાણેની શરતો |
| | | | ૨:એક વર્ષથી વધુ નોકરીવાળા અધિક મદદનીશ ઈજનેર | રૂ.૫૦,૦૦૦/- | ૨:કરેલા કામોના માપોની કુલ કિંમત સત્તાસોંપણી મર્યાદાથી વધે ત્યારે ના.કા.ઈ.એ ૫૦%માપોની ચકાસણી કરવાની રહે તથા માલસામાન એકત્રીકરણના માપો માલસામાન પાથરવામાં આવે/ઉપયોગમાં લેવાય તે પહેલાં ના.કા.ઈ.શ્રીએ આખરી માપની ચુક નોંધણી કરવી. |
| | | | ૩:પાંચવર્ષથી વધુ નોકરીવાળા ઓવર શીયર | રૂ.૨૫,૦૦૦/- | (૩) જુઓ નોંધ ૪૪.૧.૨.૧ |

| નોંધનો અનુક્રમ નંબર | નોંધ : |
| --- | --- |
| ૭.૧.૧ | તાંત્રિક મંજુરી આપવાની સત્તા, મહેકમ અને ઓજારો તથા પ્લાન્ટ વગેરેનો ખર્ચ બાકાત રાખી, ગણીમાં લેવાની રહેશે. |
| ૭.૧૨.૨ | અ.ઈ.શ્રી-ફકરા ૧૮૦ અનુસાર અંદાજોની વીધીસર મંજુરીની અપેક્ષાએ તાકીદની સમયાધીક મરામત શરૂ કરવાની બાબત પણ અધિકૃત કરી શકે. |
| ૭.૧.૩ | તાંત્રિક મંજુરી ભાવોની યાદી સીવાયના દર વિશ્લેષણના આધારે આપવાની હોય તો આ દર વિશ્લેષણ સત્તા ધરાવતા અધિકારી પાસે મંજુરી કરાવવું આ બાબતમાં મુ.ઈ.એ આખરી સત્તાધીકારી છે. |
| ૭.૨.૧ | અ.ઈ.શ્રી-ફકરા ૧૮૦ અનુસાર અંદાજોની વીધીસર મંજુરીની અપેક્ષાએ તાકીદની સમયાધીક મરામત શરૂ કરવાની બાબત પણ અધિકૃત કરી શકે. |
| ૭.૨.૨ | ખાતા(૪)માં દર્શાવેલા અધીકારીઓ વિભાગ હસ્તકમાં તમામ કામોની આકસ્મીક મરામતનો પણ રચના પર ઓચિંતજિયાના કેસોમાં સર્કલ ડીવીઝન માટેની અંદાજપત્રીય ફાળવણીની અંદર રહીને આવશ્યક અને વાજબી હોય તેવા ગામે તેટલી રકમ સુધી મંજુરી આપી શકશે. |
| ૭.૪.૧ | વધારેલી સત્તાઓનો ઉપયોગ, પ્રસ્તુત બાંધકામ માટેની વહીવટી મંજુરી સંબંધી બીજી શરતો અને અંદાજપત્રીય જોગવાઈ વગેરેના ઉપલબ્ધતા તથા જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૧ અને ૨ ની બીજી જોગવાઈઓને આધીન રહીને કરવાનો રહેશે. |
| ૭.૫.૧ | મુ.ઈ., નાણાકીય નીયમો અને બાંધકામ વીભાગ સંગ્રહની જોગવાઈઓ અનુસાર સુધારેલ વહીવટી મંજુરીની નાણાકીય મર્યાદાઓને આધીન રહીને સંપુર્ણ સત્તાનો ઉપયોગ કરી શકશે. |
| ૭.૫.૨ | સત્તા ધરાવતા અધીકારીની પુર્વ મંજુરી વીના કામનું વીભાજન કર્યું હોવું જોઈએ નહીં. |
| ૭.૫.૩ | વધારા અંગે મંજુરી આપવી અને ટેન્ડરની સ્વીકૃતી પત્ર મોકલવાની સાથોસાથ, કા.ઈ., ન.ઈ. તુલનાત્મક પત્રકો સહીત સુધારેલા અંદાજ તૈયાર કરી ઉપરી અધીકારીઓને મોકલવાની રહેશે. |
| ૭.૫.૪ | સુધારેલા અંદાજપત્રકમાં કોઈપણ બાબત સંબંધમાં બાબતના જથ્થા કે વર્ણનમાં કોઈ ફેરફાર થશે નહીં. શરતી ટેન્ડરો સ્વીકારવા માટે આ સત્તાઓનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| ૭.૫.૫ | તુલનાત્મક પત્રકમાં મુળ મંજુર થયેલ અંદાજો દર અને રકમ વર્તમાન ભાવોની યાદી તથા ટેન્ડરના દર અને રકમ દર્શાવવા જોઈએ. તુલનાત્મક પત્રક પર એ સાચું હોવાનું કા.ઈ.નું પ્રમાણપત્ર પણ રજુ કરવું જોઈએ. |

| નોંધનો અનુક્રમ નંબર | નોંધ: |
|---|---|
| ૭.૫.૬ | વર્તમાન ભાવોના યાદીના દર સરકારે મંજુર કર્યાં મુજબના અથવા એનજીઓ અનુસારના અથવા બાંધકામ વીભાગ પુસ્તીકા અનુસારના દર વીશ્લેષણ।। ધોરણો હોવા જોઈએ અને મંજુર કરેલા અંદાજમાં આપેલા જ નમુના સાથે અને મંજુર કરેલા અંદાજના ધોરણમાં કોઈ ફેરફાર કર્યાં વીનાના હોવા જોઈએ. |
| ૭.૫.૭ | મુ.ઈ., અ.ઈ. અને કા.ઈ.ને સોંપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ,વીજળી વગેરે હેઠળ સમકક્ષ તરીકે જાહેર થયેલી જગ્યાઓમાં ધરાવતા બીજા અધીકારીઓ પણ કરશે. |
| ૭.૫.૮ | પંચાયતના બાંધકામની બાબતમાં,અ.ઈ.,કા.ઈ. યથા પ્રસંગે વધારો મંજુર કરવા માટે અથવા ટેન્ડરની સ્વીકૃત માટે ટેન્ડરોના વ્યાજબીપણા અંગે અભિપ્રાય આપવાનો હોય છે. જેથી મંજુર થયેલ ખર્ચ ઉપરાંતના વધારાના અને ટેન્ડરની સ્વીકૃતી બાબતમાં સત્તા ધરાવતા અધીકારી પંચાયત અધીનીયમ હેઠળ સોંપાયેલી સત્તાઓ અનુસાર વીચારણા કરીને મંજુરી આપવી. |
| ૭.૫.૮.૧ | ઉચ્ચ અધીકારીઓને મંજુર કરેલા સુધારેલા અંદાજ ઉપરાંતના કોઈ વધારા અંગે કોઈપણ અધીકારી મંજુરી આપી શકે નહીં. રાજ્યપાલશ્રીના સત્તાવાર નીવાસને લગતા બાંધકામની બાબતમાં સુધારેલ જાહેર બાંધકામ નિયમ સંગ્રહ પુ.૨ ના પરિ.-૧૩ અનુસાર કોઈપણ ચુકવણી અધીકારીએ ટેકનીકી મંજુરીની રકમ ઉપરાંત સામાન્ય પરવાનગી રકમ ખર્ચવી નહીં. |
| ૭.૫.૮.૨ | આ સત્તા ઘટાડેલા અંદાજના એટલે કે કોઈ બાંધકામના સ્વીકૃત ટેન્ડરની રકમ મંજુર થયેલ અંદાજ કરતાં ૧૦% અથવા રૂા.૧૦,૦૦૦/- કે તેથી વધુ અને બંન્ને કીસ્સાઓમાં ચાલુ રાખવા આ વિભાગ અંગેની સુચનાઓ મુજબ ઘટાડવામાં આવ્યા હોય તેવા અંદાજના કેસોને પણ લાગુ પડે છે. ઘટાડેલા અંદાજના કેસમાં જેને માટે મંજુરી જરુરી હોય એવી વધારાની રકમ ઘટાડેલા અંદાજની રકમ પરથી ગણવી. વળી કા.ઈ.ને નિયત નીયંત્રણ લક્ષમાં લીધા વીના રૂા.૫,૦૦૦/-થી વધતી ન હોય એવી વધારાની કોઈપણ રકમ મંજુર કરવા અધીકૃત કરવામાં આવ્યાં છે. તમામ અધીકારીઓએ જાહેર બાંધકામ વીભાગ નીયમ સંગ્રહની ચાલુ જોગવાઈઓ અને અમલમાં હોય તેવા બીજા સરકારી ઠરાવોને અનુસરવું. |
| ૭.૬.૧ | શરત એ કે તેને લીધે બાંધકામની કુલ અંદાજી રકમ ૫%થી વધુ વધવી જોઈએ નહીં વધુમાં આ સત્તા કોન્ટ્રેક્ટ કરારના ચેટા સદર ઉપરાંતના ખર્ચને લાગુ પડતી નથી. |
| ૮.૯.૧ | વહીવટી બહાલી આપવાની સત્તાને મહેકમ તથા ઓજારો અને પ્લાન્ટ અંગેના ખર્ચાઓ તેમાં સમાવેશ થતો ન હોય તેવી ગણવી. |

| નોંધનો અનુક્રમ નંબર | નોંધ: |
|---|---|
| ૮.૧૧ | આગલા ખાતામાં દર્શાવેલી નાણાંકીય મર્યાદા માટે બાંધકામ અથવા સંબંધીત મકાનનું મુડી ખર્ચ લક્ષમાં લીધા વીના ચાલુ મકાનમાં સુધારા વધારા એક સાથે મંજુર કરવામાં આવેલા અંદાજોને લાગુ પડે છે. નીચેની શરતોને આધીન રહીને |
| ૮.૧.૨ | બાંધકામ મકાન માટે સરકારે મંજુર કરેલ નમુના આલેખન હોવુ જોઈએ. |
| ૮.૧.૨.૧ | મંજુર થયેલ ભાવોની યાદીના આધારે અંદાજ તૈયાર કર્યા હોવા જોઈએ. |
| ૮.૧.૨.૨ | ધોરણસરનું ભોયતળીયું ક્ષેત્રફળ અથવા પ્લાન ક્ષેત્રફળ તથા મકાનના બાંધકામ માટે સરકારે નીયત કરેલા બીજા ધોરણો લક્ષમાં રાખીને સત્તાનો ઉપયોગ કરવાનો રહેશે. એ ધોરણમાં કોઈ ફેરફાર કરવો જરૂરી હોય તો સરકારની પુર્વ મંજુરી મેળવવાની રહેશે. |
| ૮.૧.૨.૫ | સમગ્ર કામના અંદાજી ખર્ચની એકંદરે રકમ અંશતઃ વહીવટી બહાલી માટેની રકમ સહીત અંદાજપત્રકમાં દર્શાવેલ કામના ખર્ચની અંદર હોય તો વહીવટી બહાલી આપી શકશે અંદાજી રકમ,અંદાજપત્રમાં દર્શાવેલા ખર્ચ કરતા વધતી હોય તો અંદાજપત્રકમાં દર્શાવેલ ખર્ચ ઉપરાંતના વધારાના ખર્ચ અંગે સરકારની પુર્વ મંજુરી મેળવ્યા પછી જ સંબંધિત અધીકારીને વહીવટી બહાલી આપવાની રહેશે. |
| ૮.૩.૧ | રહેણાંકના મકાનો અંગે ઉપરોકત શરતો છે તે જ શરતોને આધીન રહીને |
| ૮.૩.૨ | નીચેની શરતોને આધીન રહીને આ સત્તાનો ઉપયોગ કરવાનો રહેશે. |
| ૮.૩.૨.૧ | અંદાજપત્રમાં એનો સમાવેશ કરવા માટે અને નાણાની જોગવાઈ કરવા માટે અંદાજપત્રને લગતી વીધીઓને અનુસરવાનુ રહેશે. |
| ૮.૩.૨.૨ | ક્ષેત્રફળ દીઠ લાભ ખર્ચ ગુણોત્તાર વગેરે જેવા તમામ ધોરણો અને સ્ટાન્ડર્ડ તથા વીગતોનું પાલન કરવાનું રહેશે. અને બાંધકામ સરકારે વખતો વખત નીયત કરેલ સ્વીકૃત રીતી અને સીધ્ધાંતોને અનુરુપ હોવુ જોઈએ. રહેણાંકનું મકાનો સીવાયના તમામ પ્રકારના મુલકી બાંધકામ અધીકારીએ આ સત્તાનો ઉપયોગ કરી શકશે. |
| ૮.૩.૨.૩ | સમગ્ર કામના અંદાજી ખર્ચની એકંદરે રકમ અંશતઃ વહીવટી બહાલી માટેની રકમ અંદાજપત્રમાં દર્શાવેલ કામના ખર્ચની અંદર હોય તો વહીવટી બહાલી આપી શકશે. અંદાજી રકમ અંદાજપત્રમાં દર્શાવેલ ખર્ચ કરતા વધતી હોય આ અંદાજપત્રમાં દર્શાવેલ ખર્ચ ઉપરાંતના વધારાના ખર્ચ સરકારની પુર્વ મંજુરી મેળવ્યા પછીજ સંબંધીત અધીકારીએ વહીવટી બહાલી આપવાની રહેશે. |

| નોંધનો અનુક્રમ નંબર | નોંધ : |
|---|---|
| ૮.૪.૧ | નીચેની શરતોને આધીન રહીને ફીટીંગનું બાંધકામ નીયમ સંગ્રહના ફકરા ૪૦૬ માંની જોગવાઈથી વધુ જોઈએ નહીં. |
| ૮.૪.૨ | કામ અંગેનો ખર્ચને પહોંચી વળવા માટે જરૂરી નાણા હસ્તક મુકેલ ગ્રાંટમાંથી મેળવી શકાશે. |
| ૮.૪.૧.૧ | ફીટીંગનું માપ બાંધકામ નીયમ સંગ્રહના ફકરા ૪૦૬ માંની જોગવાઈ કરતાં વધુ જોઈએ નહીં. |
| ૮.૪.૧.૩ | જેમાં ગોઠવણમાં કામ માટે જગ્યાનું પ્રમાણ નીયત કરવામાં આવ્યુ હોય તેવા અંદાજોને જ વહીવટી બહાલી આપવાની રહેશે. |
| ૮.૪.૧.૪ | અ.ઈ. બાંધકામની રૂા.૧ લાખ સુધીની સત્તામાં ટ્યુબલાઈટ અને પંખાનો સમાવેશ થતો નથી. પરંતુ આ ચીજો સ્થાનીક કાર્યપાલક ઈજનેર બાંધકામ એ દર કોન્ટ્રાક્ટ દ્વારા ખરીદી હોવી જોઈએ. અને લાઈટ તથા પંખાના પોઈન્ટની સંખ્યા નીયત કરેલ ધરોરણ અનુસાર હોવી જોઈએ. |
| ૧૨.૧ | મુ.ઈ. નાણાકીય નીયમો અનુસાર અને બાંધકામ વીભાગ નીયમ સંગ્રહની જોગવાઈઓ મુજબ સુધારેલ વહીવટી બહાલીની નાણાકીય મર્યાદાઓને આધીન રહીને સંપુર્ણ સત્તાનો ઉપયોગ કરી શકશે. |
| ૧૨.૨ | તમામ અધીકારીઓને બાંધકામ વીભાગ નીયમ સંગ્રહની ચાલુ જોગવાઈઓને તેમજ અમલમાં હોય તેવા બીજા સરકારી ઠરાવોને અનુસરવું. |
| ૧૨.૪ | ડીવીઝનલ અધીકારી કરતાં ઉચ્ચ કક્ષાના અધીકારીઓ એક કોન્ટ્રાક્ટર કરારને મંજુરી આપી હોય ત્યારે ડીવીઝનલ કચેરીમાં કોન્ટ્રાક્ટર કરારની એક નકલ તૈયાર કરીને તે કચેરીએ મંજુરી આપતા સત્તાધીકારી મારફત તે ઓડીટ અધીકારીને તેમના શેરા માટે મોકલવી. |
| ૧૨.૫ | ટેન્ડરની સ્વીકૃતી સંબંધમાં નિર્ણાયક પરીબળ તરીકે અંદાજી ખર્ચ નથી પરંતુ કામ માટે ટેન્ડરમાં દર્શાવેલી રકમ છે. |
| ૧૨.૬ | ટેન્ડરમાં દર્શાવેલી રકમ, કામ મંજુર કરવામાં આવેલા અંદાજ વત્તા વધારાની રકમ કરતા મોટી હોય ત્યારે અનુસરવાની સાચી કાર્યપધ્ધતિ એ છે કે અન્યથા ટેન્ડર સ્વીકારવા માટે સત્તા ધરાવતા હોય તેવા અધીકારીઓ ટેન્ડરની સ્વીકૃતી બાબતમાં સંકળાયેલી મંજુર કરવામાં આવેલ અંદાજ ઉપરાંતથી વધારાની રકમ અંગે સત્તા ધરાવતા અધીકારીની મંજુરી મેળવવી અને તે પછી એમણે ટેન્ડર સ્વીકારવું. |
| ૧૨.૮.૧ | કોઈ અંદાજના પેટા કામ કે મંજુર કરવામાં આવેલ અંદાજના કોઈ ભાગ અંગેના ટેન્ડર સ્વીકારતી વખતે ઉપરના નીયમો લાગુ પાડવા દરમ્યાન સમગ્ર કામ અંગે મંજુર કરવામાં આવેલ અંદાજની રકમ નહી પરંતુ ટેન્ડરને લગતા ભાગ અંગે મંજુર કરવામાં આવેલ અંદાજની રકમ ધ્યાનમાં લેવી. |

| નોંધનો અનુક્રમ નંબર | |
|---|---|
| ૧૨.૮.૨ | કા.ઈ.ઓ અથવા સમકક્ષા દરજ્જાના અધીકારીઓ તથા અ.ઈ.શ્રીઓ અથવા સમકક્ષા દરજ્જાના અધીકારીઓ અનુ.નં.રૂા.૩ લાખથી રૂા.૧૫ લાખ સુધીના અંદાજી ખર્ચ માટે અને રૂા.૧૫ લાખ થી રૂા.૫૦ લાખના ખર્ચવાળા કામ માટે તેમની કક્ષાએ નીયમાનુસાર યોગ્ય રીતે મંગાવેલા એકથી વધુ ટેન્ડરો મેળવેલા હોવા જોઈએ. જો માત્ર એક જ ટેન્ડર મળ્યુ હોય અને તે સ્વીકારવું વ્યાજબી જણાતું હોય તો સંબધીત અધીકારીએ તે મંજુરી ખર્ચ સ્વીકારના નિર્ણય અર્થે પોતાના તુર્ત જ ઉપરના ઉચ્ચ અધીકારીને મોકલવાનું રહેશે. એટલે કે કા.ઈ.એ રૂા.૩ લાખથી રૂા.૧૫ લાખ સુધીના ખર્ચવાળા ટેન્ડરો અ.ઈ.શ્રીને મોકલવા અને બાકીના કેસોમાં અ.ઈ.એ તે મંજુરી અર્થે મુ.ઈ.શ્રીને મોકલવા. |
| ૧૨.૮.૩ | કોઈ શરતી ટેન્ડરની સ્વીકાર કરતા પહેલા ટેન્ડરની રકમ લક્ષામાં લીધા વીના સરકારની મંજુરી મેળવવાની રહેશે. |
| ૨૯.૧ | અ.ઈ. માટે આ સત્તા વધુમાં વધુ દર વર્ષે એક ડીવીઝન માટે રહેશે. આ સત્તાનો ઉપયોગ નાણાંની ઉપલબ્ધતા અંગે કોઈ ધારણ હોય તો તેને આધીન રહીને બાંધકામ વિભાગના સમકક્ષા દરજ્જોને તમામ અધીકારીઓએ કરવો. |
| ૨૯.૨ | ઓજારો અને પ્લાન્ટ અંગેનું ખર્ચ સમગ્ર તથા સર્કલમાં કામ અને મરામત અંગેના કુલ ખર્ચના ૧.૫% જેટલુ સીમીત રાખવું. અ.ઈ. એક વિભાગમાંથી બીજા વીભાગમાં બચત કરીને, દરેક વીભાગમાં થત? અને ઓજારો અંગેનું ખર્ચ વિનિયમીત કરવા અધીકૃત છે. ઓજાર અને પ્લાન્ટ અંગે ૧.૫%ની મર્યાદા ગણવાના હેતુ માટે ગણિતીક સાધનોની ડીપો, ગુજરાત અંગેની જોગવાઈ તથા ખદ્દારા ચલાવવા અંગેનું ખર્ચ બાકાત રાખવા. જીપ અને બીજા વાહનોની ખરીદી માટે સરકારના હુકમો મેળવવા. |
| ૪૪.૧.૨.૧ | કોન્ટ્રાકટથી કરવામાં આવેલ કામના વચગાળાના નિશ્ચત સમયમો માપ તથા દર મહીનો પર કરેલા કામના કે છુટક કામના અથવા કોન્ટ્રાકટથી પુરા પાડેલા માલસામાનના તમામ કામની બાબતમાં કાયમી કે હંગામી હોય તેવા મદદનીશ ઈજનેર તથા ઓવરસીયર કા.ઈ. નીમત કરે તે રીતે સબ ડીવીઝનના અધીકારી દ્વારા નકકી કરેલ ટકાવારીમાં ચકાસણીને આધીન રહીને માપ લઈ શકશે અને તે કા.ઈ.ની મંજુરી મેળવવી આમ છતાં આ માપ વીશેષ ચકાસણી વીના લઈ શકાય તેટલી નીયત મર્યાદા સુધી લઈ શકશે જો તે કોઈ વચગાળાની માપ હોય તો તેની મકાન અને માર્ગ વ્યવહાર વીભાગના તા:૪-૪-૮૭ના સરકારી ઠરાવ ક્રમાંક પી.ડબલ્યુ.ડી.-૨૪૭૮-૯૦-સા અન્વયે બહાર પાડેલા બાંધકામ વીભાગ નીયમ સંગ્રહ પુ.૨ ના સુધારેલા પરીશીષ્ટ-૧૪ ના નીયમ નં.૧૪.૩.૨(૧) (૨) અને (૩) માં આપેલ પ્રવર્તમાન હુકમો અનુસારની પ્રતિક ચકાસણીને આધીન રહેશે. |